# ગુજરાત રાજયની કૃષિ યુનિવર્સિટીઓ

## સ્નાતક કક્ષાના 'બી' ગૃપના અભ્યાસક્રમ અંગેની

# માહિતી પુસ્તિકા

### 'બી' ગૃપ (ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી)

| | |
|---|---|
| પ્રોગ્રામ કેટેગરી–૧ | બી.વી.એસસી. એન્ડ એ.એચ. |
| પ્રોગ્રામ કેટેગરી–૨ | બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર |
| | બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર |
| | બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી |
| | બી.ટેક (બાયોટેકનોલોજી) |
| પ્રોગ્રામ કેટેગરી–૩ | બી.એફ.એસસી.–ફીશરીઝ સાયન્સ |

## શૈક્ષણિક વર્ષ : ૨૦૧૯-૨૦

વિશેષ નોંધ :
બી. ટેક. (એગ્રીકલ્ચરલ ઈન્ફર્મેશન ટેકનોલોજી)ના અભ્યાસક્રમમાં 'એ' ગૃપ તથા 'બી' ગૃપના ઉમેદવારો પ્રવેશપાત્ર છે. જેથી આવા ઉમેદવારોએ 'એ' ગૃપના અભ્યાસક્રમોમાં એડમીશન માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.

આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ - ૩૮૮ ૧૧૦

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ - ૩૬૨ ૦૦૧

નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી - ૩૯૬ ૪૫૦

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી
સરદારકૃષિનગર - ૩૮૫ ૫૦૬

કિંમત રૂપિયા : ૧૦૦/–

આ માહિતી પુસ્તિકા વેબસાઈટ www.b.gsauca.in ઉપરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે.
આ માહિતી પુસ્તિકાની પ્રિન્ટ કોપી જે તે હેલ્પ સેન્ટર પર રૂા.૧૦૦/- ચૂકવીને મેળવી શકાશે.

## “બી” ગૃપના સંલગ્ન અભ્યાસક્રમોના પ્રવેશ અંગેની અગત્યની તારીખો

## PROVISIONAL KEY DATES SCHEDULE FOR UNDERGRADUATE ADMISSION 2019-20

### For latest updates see website www.b.gsauca.in & www.aau.in

| Sr. No. | Activities | Date | |
|---|---|---|---|
| | | From | To |
| 1 | Display of online Information Booklet on the website **www.b.gsauca.in, www.aau.in**<br>વેબસાઇટ પર માહિતી પુસ્તિકાની ઉપલબ્ધતા | 28-05-2019 | - |
| 2 | Printing of Bank Challan for application form from the website **www.b.gsauca.in** and Deposition of application fee through Bank Challan in any branch of HDFC through online/ offline Banking<br>અરજી ફોર્મ માટે બેંક ચલણ પ્રિન્ટ કરવું અને બેંક ચલણ દ્વારા અરજી ફી એચડીએફસી બેંકની કોઇપણ શાખામાં ઓનલાઈન/ઓફલાઇન ભરવી. | 04-06-2019 | 20-06-2019 |
| 3 | Online registration & submission of filled application form after verification with necessary documents at the Help Centers (9.30 am to 5.30 pm)<br>હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઇન ફોર્મની ચકાસણી કરાવવા માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવું. (સવારે ૯.30 થી સાંજે ૫.૩૦ કલાક સુધી) (મહિનાનો બીજો અને ચોથો શનિવાર તથા રવિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) | 04-06-2019 | 24-06-2019 |
| 4 | Choice filling for Mock Round for the selection of colleges of the respective degree programme after verification of the application forms with necessary documents at the Help Centers<br>ચોઇસ ફિલિંગ મોક રાઉન્ડ માટે હેલ્પ સેન્ટર ખાતે ઓનલાઇન ફોર્મ અસલ પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવ્યા બાદ સંલગ્ન અભ્યાસક્રમની કોલેજ પસંદગી કરવી | 04-06-2019 | 24-06-2019 |
| 5 | Display of Seat Allotment of Mock Round and Provisional Merit<br>મોક રાઉન્ડનું પરીણામ અને કામચલાઉ મેરીટ યાદી | 01-07-2019 | 02-07-2019 |
| 6 | Alteration of choices by the candidates for actual Admission : Round 1<br>પસંદગી કોલેજમાં એડમિશન માટેની અંતિમ ચોઇસ ફિલિંગ | 01-07-2019 | 02-07-2019 |
| 7 | Declaration of First Allotment List<br>પ્રથમ કોલેજ ફાળવણી યાદી : રાઉન્ડ-૧ | 08-07-2019 | - |
| 8 | Deposition of fees in the Bank through online/offline Banking to confirm the admission or participate in next round.<br>બેંકમાં ફી ભરવી અને જો ફાળવેલ કોલેજમાં એડમીશન “સ્વીકાર્ય” હોય અને બીજા રાઉન્ડમાં ભાગ ન લેવો હોય તો જે તે કોલેજ ખાતે હાજર થવું. વધુમાં જે વિદ્યાર્થીને ફાળવેલ કોલેજ સિવાય પછીના રાઉન્ડમાં ભાગ લેવો હોય તો તેને બેંકમાં ફક્ત ફી ભરવાની રહેશે. | 08-07-2019 | 11-07-2019 |
| 9 | Reporting at the respective college with Original Documents/ Certificates/ Testimonials<br>જે તે કોલેજ ખાતે અસલ પ્રમાણપત્રો સાથે હાજર થવું. | 08-07-2019 | 12-07-2019 |
| 10 | Display of vacant seats after Round-1 with cut of marks<br>પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેતી બેઠકોની વિગતો (કટ ઓફ માર્કસ સાથે)ની યાદી (સાંજે ૬.૩૦ વાગ્યે) | 16-07-2019 | - |
| 11 | Declaration of Second Allotment List<br>દ્રીતીય કોલેજ ફાળવણી યાદી | 18-07-2019 | - |
| 12 | Deposition of fees in the Bank through online Banking through online/offline banking to confirm the admission or participate in next round.<br>બેંકમાં ફી ભરવી અને જો ફાળવેલ કોલેજમાં એડમીશન “સ્વીકાર્ય” હોય અને બીજા રાઉન્ડમાં ભાગ ન લેવો હોય તો જે તે કોલેજ ખાતે હાજર થવું. વધુમાં જે વિદ્યાર્થીને ફાળવેલ કોલેજ સિવાય પછીના રાઉન્ડમાં ભાગ લેવો હોય તો તેને બેંકમાં ફક્ત ફી ભરવાની રહેશે. | 18-07-2019 | 22-07-2019 |
| 13 | Reporting at the respective college with Original Documents/ Certificates/ Testimonials<br>જે તે કોલેજ ખાતે અસલ પ્રમાણપત્રો સાથે હાજર થવું. | 18-07-2019 | 23-07-2019 |
| 14 | Display of vacant seats after Round-2 with cut of marks<br>દ્વિતીય રાઉન્ડ બાદ ખાલી રહેતી બેઠકોની વિગતો (કટ ઓફ માર્કસ સાથે)ની યાદી (સાંજે ૬.૩૦ વાગ્યે) | 24-07-2019 | - |
| 15 | Declaration of Third Allotment List<br>તૃતીય કોલેજ ફાળવણી યાદી | 29-07-2019 | - |
| 16 | Deposition of fees in the Bank through online/offline Banking & Reporting at the respective college with Original Documents/ Certificates / Testimonials<br>બેંકમાં ફી ભરવી અને ફાળવેલ કોલેજમાં એડમીશન “સ્વીકાર્ય” હોય અને ત્રીજા રાઉન્ડમાં ભાગ ન લેવો હોય તો જે તે કોલેજ ખાતે હાજર થવું. વધુમાં જે વિદ્યાર્થીને ફાળવેલ કોલેજ સિવાય પછીના રાઉન્ડમાં ભાગ લેવો હોય તો તેને બેંકમાં ફક્ત ફી ભરવાની રહેશે. | 29-07-2019 | 01-08-2019 |
| 17 | Display of vacant seats after Round-3 with cut of marks<br>ત્રીજા રાઉન્ડ બાદ ખાલી રહેતી બેઠકોની વિગતો (કટ ઓફ માર્કસ સાથે)ની યાદી (સાંજે ૬.૩૦ વાગ્યે) | 02-08-2019 | |
| 18 | Commencement of Academic Term<br>શૈક્ષણિક સત્રની શરૂઆત | 03-08-2019 | - |
| 19 | Declaration of personal counseling round on the basis of vacant seats if available (સાંજે ૬.૩૦ વાગ્યે)<br>ખાલી રહેતી બેઠકો માટે રૂબરૂ કાઉન્સેલિંગનો કાર્યક્રમ વેબસાઇટ ઉપર મૂકવા આવશે. | 03-08-2019 | - |

**Note:**

- **Online form can be filled up next day after 4.00 p.m. after successful deposition of application fee Rs. 200/- through Bank Challan in any branch of HDFC.**
- **ઉપરોક્ત ત્રણ ઓનલાઈન રાઉન્ડ બાદ ખાલી રહેલ બેઠકો માટે રૂબરૂ કાઉન્સેલિંગ ટકાવારીના આધારે જનરેટ કરવામાં આવેલ નવી જનરલ મેરીટ યાદી મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. રૂબરૂ કાઉન્સેલિંગનો કાર્યક્રમ વેબસાઇટ પર મૂકવામાં આવશે.**
- **ત્રીજા ઓનલાઈન રાઉન્ડના અંતે જે ઉમેદવારોએ ટોકન ફી ભરેલ ન હોય અને રૂબરૂ કાઉન્સેલિંગ રાઉન્ડમાં ભાગ લેવાની સંમતિ દર્શાવેલ ન હોય તેવા ઉમેદવારોના નામ રૂબરૂ કાઉન્સેલિંગ માટે જનરેટ કરવામાં આવેલ નવી જનરલ મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે નહીં.**
- **ઉપર દર્શાવેલ તારીખોમાં ફેરફારને અવકાશ હોઈ છેલ્લામાં છેલ્લી માહિતી માટે વેબસાઈટ www.b.gsauca.in અને www.aau.inની મુલાકાત લેવી.**
- **શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદ પ્રવેશ મેળવેલ કોલેજમાં ઉમેદવાર કોલેજના શરૂઆતના પંદર દિવસ ગેરહાજર રહેશે તો તેનો પ્રવેશ આપોઆપ રદપાત્ર ઠરશે અને ખાલી થયેલ સીટ નિયમોનુસાર ભરવામાં આવશે. જે અંગે ઉમેદવારનો કોઈ હક્ક દાવો માન્ય રહેશે નહીં.**

| | |
|---|---|
| ૧. | સ્નાતક કક્ષાના 'બી' ગ્રુપમાં પ્રવેશ માટે વેબસાઇટ www.b.gsauca.in ઉપરથી જે પ્રોગ્રામ કેટેગરીના અભ્યાસક્રમમાં રસ ધરાવતા હોય તેની ચલણની પ્રિન્ટ કાઢી ગુજરાતની એચ. ડી. એફ. સી. બેન્કની કોઈ પણ શાખામાં પ્રોગ્રામ કેટેગરી વાઈઝ અભ્યાસક્રમ દીઠ રૂ.૨૦૦/– પ્રથમ ભરવાના રહેશે. ત્યાર બાદ, ૨૪ કલાક બાદ ચલણ નંબર નાખી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. |
| ૨. | અરજીપત્રક નીચે દર્શાવેલ પ્રોગ્રામ કેટેગરી વાઈઝ અભ્યાસક્રમ પ્રમાણે અલગ ભરવાનું રહેશે.<br>પ્રોગ્રામ કેટેગરી–૧ : બી. વી. એસ.સી. એન્ડ એ. એચ. માટે અલગથી અરજીપત્રક ભરવું.<br>પ્રોગ્રામ કેટેગરી–૨ : બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર, બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી, બી.ટેક(બાયોટેકનોલોજી) માટે એક જ અરજીપત્રક ભરવું.<br>પ્રોગ્રામ કેટેગરી–૩ : બી. એફ. એસસી.(બેચરલ ઓફ ફીશરીઝ સાયન્સ) માટે અલગ અરજીપત્રક ભરવું. |

| પ્રોગ્રામ કેટેગરી | **'B'** ગ્રુપના સંલગ્ન અભ્યાસક્રમો | અરજી ફી ની રકમ (ચલણ) |
|---|---|---|
| ૧. | બી. વી. એસ.સી. એન્ડ એ. એચ. | રૂ.૨૦૦/– |
| ૨. | બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર | રૂ.૨૦૦/– |
| | બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર | |
| | બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી | |
| | બી.ટેક (બાયોટેકનોલોજી) | |
| ૩. | બી. એફ. એસસી.– ફીશરીઝ સાયન્સ | રૂ.૨૦૦/– |

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર | ૪ |
| ૨. | પ્રવેશક્ષમતા | ૫ |
| ૩. | પ્રવેશ લાયકાત | ૭ |
| ૪. | ઉંમર | ૯ |
| ૫. | અનામત બેઠકો અને પાત્રતા | ૯ |
| ૬. | મેરીટ લિસ્ટ | ૧૧ |
| ૭. | ફીનું ધોરણ | ૧૨ |
| ૮. | ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ થવો | ૧૩ |
| ૯. | અભ્યાસક્રમની સામાન્ય માહિતી | ૧૩ |
| ૧૦. | પ્રવેશ પ્રક્રિયા | ૧૩ |
| ૧૧. | એન્ટી રેગીંગ કમિટી | ૧૫ |
| ૧૨. | વિદ્યાર્થીનીઓને હેરાનગતિ બાબત | ૧૫ |
| ૧૩. | ડિસ્કલેઇમર | ૧૫ |
| ૧૪. | ગત વર્ષના પ્રવેશના કટ ઓફ માર્કસ | ૧૬ |
| ૧૫. | વિશેષ નોંધ | ૧૮ |

## ૧. ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર

| | | | |
|---|---|---|---|
| **આણંદ કૃષિ યુનિવર્સિટી** | | | |
| ૧ | કોલેજ ઓફ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલાજી એન્ડ બાયોએનર્જી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | આણંદ | 02692-261302 |
| ૨ | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વસો | વસો | 0268-2553108 |
| ૩ | શેઠ ડી. એમ. બાગાયત પોલિટેકનિક, શાસ્ત્રી બ્રીજની પાસે, એલેમ્બીક રોડ, મોડેલ ફાર્મ, વડોદરા | વડોદરા | 0265-2281880 |
| ૪ | કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, ગોધરા | ગોધરા | 02672-265128 |
| **જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી** | | | |
| ૧ | કૃષિ મહાવિદ્યાલય, મોતીબાગ, ગેટ નં. ૨, વંથલી રોડ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | જૂનાગઢ | 0285-2670289 |
| ૨ | કૃષિ મહાવિદ્યાલય, આદિત્યાણા રોડ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ખાપટ (જિ. પોરબંદર) | ખાપટ | 9408903529 |
| ૩ | કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, મોતીબાગ ગેટ નં. ૨, વંથલી રોડ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | જૂનાગઢ | 0285-2671018 |
| ૪ | પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલગ, મોતીબાગ, ગેટ નં. ૨, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | જૂનાગઢ | 0285-2670722 |
| ૫ | મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, રાજેન્દ્ર ભુવન રોડ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, વેરાવળ | વેરાવળ | 02876-221053<br>02876-242052 |
| ૬ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, એરફોર્સ રોડ, દિગ્જામ મીલની સામે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર | જામનગર | 0288-2710165 |
| ૭ | પોલીટેકનિક ઈન એગ્રીકલ્ચર, દલ્ખાણીયા રોડ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ધારી (જિ.અમરેલી) | ધારી | 02797-221112 |
| ૮ | પોલીટેકનિક ઈન એગ્રીકલ્ચરલ એન્જીનીયરીંગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, તરઘડીયા (જિ. રાજકોટ) | તરઘડીયા | 0281-2784748 |
| ૯ | પોલીટેકનિક ઈન હોમ સાયન્સ, કેરીયા રોડ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી | અમરેલી | 02792-220293 |
| ૧૦ | કપાસ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, કુકડા | કુકડા | 02756-291891 |
| ૧૧ | મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, કોડીનાર | કોડીનાર | 02795-221473 |
| ૧૨ | કૃષિ સંશોધન કેન્દ્ર (ફળ પાકો), જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મહુવા | મહુવા | 02844-222593 |
| ૧૩ | ફીશરીઝ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, ઓખા | ઓખા | 02892-262056 |
| ૧૩ | પોલીટેકનિક ઈન એગ્રિકલ્ચ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, હળવદ | હળવદ | 02758-261445 |
| **નવસારી કૃષિયુનિવર્સિટી** | | | |
| ૧ | ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી | નવસારી | 02637-282766 |
| ૨ | અસ્પી કોલેજ ઓફ હોર્ટિકલ્ચર એન્ડ ફોરેસ્ટ્રી, નવસારી | નવસારી | 02637-282745 |
| ૩ | વનબંધુ કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી, નવસારી | નવસારી | 02637-282299<br>02637-282964 |
| ૪ | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ | ભરૂચ | 02642-246152 |
| ૫ | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વઘઈ, જિ. ડાંગ | વઘઈ | 02631-246688<br>02631-246622 |
| ૬ | અસ્પી શકીલમ એગ્રી બાયોટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ, સુરત | સુરત | 0261-2668046 |
| ૭ | ફિશરીઝ કોલેજ, નવસારી | નવસારી | 08128203823 |
| ૮ | કોલેજ ઓફ એગ્રીકલ્ચરલ એન્જીનિયરીંગ એન્ડ ટેકનોલોજી, ડેડીયાપાડા | ડેડીયાપાડા | 02649-235200 |
| **સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી** | | | |
| ૧ | એગ્રીકલ્ચર ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી, સ.કૃ.નગર | સ.કૃ.નગર | 02748-278262 |
| ૨ | ચી. પ. કૃષિ મહાવિદ્યાલય, સ.કૃ.નગર | સ.કૃ.નગર | 02748-278422 |
| ૩ | કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી, સ.કૃ.નગર | સ.કૃ.નગર | 02748-278263<br>02748-278401 |
| ૪ | અસ્પી કોલેજ ઓફ હોમ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન, સ.કૃ.નગર | સ.કૃ.નગર | 02748-278266 |
| ૫ | જી. એન. પટેલ ડેરી સાયન્સ એન્ડ એફ. ટી. કોલેજ, સ.કૃ.નગર | સ.કૃ.નગર | 02748-291227 |
| ૬ | કોલેજ ઓફ હોર્ટિકલ્ચર, જગુદણ | જગુદણ | 02748-278739 |
| ૭ | કોલેજ ઓફ રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જીનિયરીંગ, સ.કૃ.નગર | સ.કૃ.નગર | 02748-278016 |
| ૮ | કોલેજ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હ્યુમનિટીઝ, સ.કૃ.નગર | સ.કૃ.નગર | 02748-278097 |
| ૯ | કોલેજ ઓફ એગ્રીકલ્ચર, થરાદ, જિ. બનાસકાંઠા | થરાદ | 02737-222180 |
| ૧૦ | પોલિટેકનિક ઇન એગ્રીકલ્ચર, ડીસા | ડીસા | 9909865177 |
| ૧૧ | પોલિટેકનિક ઇન એગ્રીકલ્ચર, ખેડબ્રહ્મા | ખેડબ્રહ્મા | 9429240475 |
| ૧૨ | શેઠ બી. આર. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, જગુદણ | જગુદણ | 02762-285342 |
| ૧૩ | પોલિટેકનિક ઇન વેટેરનરી સાયન્સ, સ.કૃ.નગર | સ.કૃ.નગર | 9427537698 |
| ૧૪ | રીજઓનલ રિસર્ચ સ્ટેશન, ભચાઉ | ભચાઉ | 9925337989 |

**નોંધ : • હેલ્પ સેન્ટરો તા. ૦૪-૬-૨૦૧૯ થી તા. ૨૪-૬-૨૦૧૯ સુધી સવારે ૯-૩૦ થી ૫-૩૦ કલાક સુધી કાર્યરત રહેશે.**

**• મહિનાના બીજા અને ચોથા શનિવાર અને રવિવાર તેમજ જાહેર રજાના દિવસે હેલ્પ સેન્ટર બંધ રહેશે.**

## પરિશિષ્ટ-અ

| Seat Matrix : "B" Group(2019-20) | | | | | |
|---|---|---|---|---|---|
| **કોલેજ/યુનિવર્સિટી** | **કુલ બેઠકો** | **ICAR/ VCI 15** | **ICAR/VCI બાદની બેઠકો** | **અન્ય બોર્ડ** | **ICAR/VCI/ Other Board બાદની બેઠકો * @ (પ્રવેશ કાર્યવાહી સંદર્ભે)** |
| **અભ્યાસક્રમ : બી.વી.એસસી. એન્ડ એ.એચ.#** | | | | | |
| પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ | ૮૦ | ૧૨ | ૬૮ | – | ૬૮ |
| પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર | ૮૦ | ૧૨ | ૬૮ | – | ૬૮ |
| પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૮૦ | ૧૨ | ૬૮ | – | ૬૮ |
| પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ | ૮૦ | ૧૨ | ૬૮ | – | ૬૮ |
| **અભ્યાસક્રમ : બી.એસ.સી.(ઓનર્સ) એગ્રીકલ્ચર** | | | | | |
| બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ | ૧૩૫ | ૨૦ | ૧૧૫ | ૭ | ૧૦૮ |
| કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, વસો | ૬૦ | – | ૬૦ | ૩ | ૫૭ |
| કૃષિ મહાવિદ્યાલય,આકૃયુ, જબુગામ | ૫૦ | – | ૫૦ | ૩ | ૪૭ |
| ચી.પ. કૃષિ મહાવિદ્યાલય, સદાકૃયુ, સ.કૃ.નગર | ૧૩૫ | ૨૦ | ૧૧૫ | ૭ | ૧૦૮ |
| કૃષિ મહાવિદ્યાલય, સદાકૃયુ, થરાદ | ૬૦ | ૯ | ૫૧ | ૩ | ૪૮ |
| કૃષિ મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ | ૧૩૫ | ૨૦ | ૧૧૫ | ૭ | ૧૦૮ |
| કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારિયા, જૂકૃયુ, અમરેલી | ૭૦ | – | ૭૦ | ૪ | ૬૬ |
| કૃષિ મહાવિદ્યાલય, જુકૃયુ, ખાપટ (પોરબંદર) | ૪૦ | – | ૪૦ | ૨ | ૩૮ |
| ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૧૩૫ | ૨૦ | ૧૧૫ | ૭ | ૧૦૮ |
| કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, ભરૂચ | ૭૦ | ૧૦ | ૬૦ | ૩ | ૫૭ |
| કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, વઘઇ | ૭૦ | ૧૦ | ૬૦ | ૩ | ૫૭ |
| **અભ્યાસક્રમ : બી.એસસી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર** | | | | | |
| બાગાયત મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ | ૭૦ | – | ૭૦ | ૪ | ૬૬ |
| અસ્પી બાગાયત–વ–વનવિદ્યા મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૭૦ | ૧૦ | ૬૦ | ૩ | ૫૭ |
| બાગાયત મહાવિદ્યાલય, સદાકૃયુ, જગૂદણ | ૭૦ | ૧૦ | ૬૦ | ૩ | ૫૭ |
| બાગાયત મહાવિદ્યાલય, જૂકૃયુ, જૂનાગઢ | ૭૦ | – | ૭૦ | ૪ | ૬૬ |
| **અભ્યાસક્રમ : બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી** | | | | | |
| અસ્પી બાગાયત–વ–વનવિદ્યા મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૬૬ | ૯ | ૫૭ | ૩ | ૫૪ |
| **અભ્યાસક્રમ : બી.ટેક (બાયોટેક્નોલોજી)** | | | | | |
| અસ્પી શકીલમ એગ્રી બાયોટેક્નોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નકૃયુ, સુરત | ૬૦ | ૯ | ૫૧ | ૩ | ૪૮ |

| **અભ્યાસક્રમ : બી.એફ.એસ.સી.** | | | | | |
|---|---|---|---|---|---|
| **કોલેજ/યુનિવર્સિટી** | **કુલ બેઠકો** | **ICAR/VCI 15** | **ICAR/VCI બાદની બેઠકો** | **અન્ય બોર્ડ** | **ICAR/VCI/ Other Board બાદની બેઠકો * @ (પ્રવેશ કાર્યવાહી સંદર્ભે)** |
| મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, જૂકૃયુ, વેરાવળ | ૭૦ | ૧૦ | ૬૦ | ૩ | ૫૧+૬ (ફીશરમેન) |
| મત્સ્ય વિજ્ઞાન મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૨૫ | ૦ | ૨૫ | ૧ | ૨૦+૨ (ફીશરમેન) |

* ICAR/VCI તથા અન્ય બોર્ડની બેઠકો બાદ કરતા રાજ્ય કૃષિ યુનીવર્સીટીઓ દ્વારા ભરવામાં આવનાર બેઠકોમાંથી સરકારશ્રીના વખતોવખતના અનામત અંગેના નિયમો મુજબ બેઠકોની ફાળવણી મેરીટના ધોરણે કરવામાં આવશે (માહિતી પુસ્તિકાના નિયમ નં.૫ મુજબ)

@ EWS સંદર્ભે ૧૦% અનામત બેઠકો ભરવા અંગે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,ગાંધીનગરના ઠરાવ તથા સૂચનાઓ મુજબ પ્રવેશ કાર્યવાહી કરવામાં આવશે.

# પશુચિકિત્સા અને પશુપાલન અભ્યાસક્રમોમાં EWS સંદર્ભે ૧૦% અનામત બેઠકો VCIની મંજુરી મળ્યા બાદ જ સમાવેશ કરવામાં આવશે.

| ૩. | પ્રવેશ લાયકાત : | | | |
|---|---|---|---|---|
| 3A | **બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી/બી.એફ.એસસી./બી. ટેક (બાયોટેક્નોલોજી) સ્નાતક કક્ષાના 'બી' ગ્રુપના અભ્યાસક્રમો માટે** | | | |
| ૩.૧ | ઉમેદવાર ગુજરાતનો રહેવાસી હોવો જોઈએ અને તેણે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રમાણપત્ર પરીક્ષા (ધોરણ-૧૨) વિજ્ઞાન પ્રવાહના ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે ગુજરાત બોર્ડ અથવા રાજ્યના અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી પાસ કરેલ હોવી જોઈએ. | | | |
| | બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી/બી.એફ.એસસી./બી.ટેક (બાયોટેક્નોલોજી) સ્નાતક કક્ષાના 'બી' ગ્રુપના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨ની પરીક્ષામાં ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજીના માત્ર થીયરીમાં (ગ્રેસિંગ માર્ક્સ સિવાય) કેટેગરી પ્રમાણે ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ. | | | |
| | (i) | | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે | ૧૦૫ માર્ક્સ (35%) |
| | (ii) | | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે | ૧૦૫ માર્ક્સ (35%) |
| | (iii) | | સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે | ૧૨૦ માર્ક્સ (40%) |
| | (iv) | | અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | ૧૨૦ માર્ક્સ (40%) |
| ૩.૨ | પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ : | | | |
| | (A) | | ગુજરાત બોર્ડ અથવા | |
| | (B) | | અન્ય બોર્ડમાંથી ૧૦+૨ પદ્ધતિ અંતર્ગત ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને ૩.૧માં જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા હોય તેઓને પ્રો-રટાને આધારે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ માટે ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓની મધ્યસ્થ પ્રવેશ સમિતિ નક્કી કરે તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે. | |
| | | (i) | સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) | |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ અથવા | |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલી હોય, પરંતુ તેના માતા-પિતા ગુજરાત રાજ્યના મૂળ રહેવાસી હોય | |
| | | (ii) | કાઉન્સિલ ઓફ ઈન્ડિયન સ્કૂલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી (CISE) | |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ અથવા | |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલી હોય, પરંતુ તેના માતા-પિતા ગુજરાત રાજ્યના મૂળ રહેવાસી હોય | |
| | | (iii) | નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કુલિંગ (NIOS) | |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ અથવા | |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલી હોય, પરંતુ તેના માતા-પિતા ગુજરાત રાજ્યના મૂળ રહેવાસી હોય | |
| | | (iv) | ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ (ISB) | |
| | | (a) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઈએ અથવા | |
| | | (b) | ઉમેદવાર જે શાળામાંથી અભ્યાસ કરેલ હોય તે શાળા દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં આવેલી હોય, પરંતુ તેના માતા-પિતા ગુજરાત રાજ્યના મૂળ રહેવાસી હોય | |
| | (C) | | જો ઉમેદવાર ગુજરાત રાજ્યના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને ધોરણ-૧૨ પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય તેમજ પ્રવેશ માટેની ન્યુનતમ શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો આવા અરજદારે થીયરી અને પ્રેક્ટિકલના જૂદા જૂદા ગુણ દર્શાવતી અધિકૃત માર્કશીટ જે તે શાળાના આચાર્યશ્રીની સહીવાળી રજૂ કરવાની રહેશે તેમજ તેણે ચાલુ વર્ષે GUJCET પરીક્ષા આપેલી હોવી જોઈએ. | |
| ૩.૩ | જે ઉમેદવારના માતા-પિતા ગુજરાત રાજ્યના મૂળ વતની હોય અને ગુજરાત રાજ્યની બહાર કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર, સેના, બોર્ડ અથવા રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારના નિગમો અથવા રાષ્ટ્રીયકૃત બેંકોમાં નોકરી કરતા હોય અને તેણે ધોરણ-૧૨ની પરીક્ષા તેના માતા-પિતા નોકરી કરતા હોય તે રાજ્યમાંથી પાસ કરી હોય અને GUJCET કે તેની સમકક્ષ ગુજરાત સરકાર દ્વારા વખતોવખત માન્ય કરાયેલ પ્રવેશ પરીક્ષા ચાલુ વર્ષે આપેલી હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ મેરીટ લિસ્ટમાં યોગ્ય જગ્યાએ કરવામાં આવશે. | | | |
| ૩.૪ | I | | જે ઉમેદવારના વાલીની બદલી ગુજરાત રાજ્યમાં થઈ હોય અને રજિસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઈ ગયા હોય અને ત્યાં રજિસ્ટ્રેશન સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ બીજા પ્રકારના મેરીટ લિસ્ટમાં યોગ્ય જગ્યાએ કરવામાં આવશે. | |
| | II | | જેના વાલી નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય | |

| | |
|---|---|
| **નોકરીની કેટેગરી :** | |
| (૧) કેન્દ્ર સરકારના અધિકારી અથવા કર્મચારી | |
| (૨) કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી અથવા કર્મચારી | |
| (૩) રાષ્ટ્રીયકૃત બેન્કના અધિકારી અથવા કર્મચારી | |
| (૪) ગુજરાત રાજ્યમાં આવેલ UN/UNICEF/WHO અને તેના જેવી અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી અથવા કર્મચારી | |
| (૫) ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા/ભારતીય જંગલ સેવા/ભારતીય પોલીસ સેવાના અધિકારી/કર્મચારી કે જેઓ ગુજરાત અથવા ગુજરાત રાજ્ય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે. | |
| (૬) ગુજરાત રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજ્ય બહાર ફરજ બજાવે છે. | |

**૩.૫** જે ઉમેદવારે

| | |
|---|---|
| i. | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈ પણ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ ૮ સુધી અભ્યાસ કરેલ હોય અને |
| ii. | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત અભ્યાસ કરેલ હોય અને |
| iii. | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરેલ હોય અને |
| iv. | ચાલુ વર્ષે GUJCET પરીક્ષા આપેલ હોય તે પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેનો સમાવેશ મેરીટ લિસ્ટમાં યોગ્ય જગ્યાએ કરવામાં આવશે. |

નોંધ : જવાહર નવોદય વિદ્યાલય યોજના એટલે કે, જવાહર નવોદય વિદ્યાલય યોજના કે જે રાષ્ટ્રીય શૈક્ષણિક પોલીસી હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૧૯૮૫-૮૬ દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) દ્વારા સંચાલિત છે.

**૩.૬** જે ઉમેદવારે ધોરણ-૧૨ની પરીક્ષા કૃષિ વ્યવસાયલક્ષી પ્રવાહ અથવા ઉત્તર બુનિયાદી પ્રવાહ (કૃષિના વિષયો સાથે) ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે ૩.૧ જણાવેલ ટકાવારીથી પાસ કરેલ હોય તેઓ બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી તથા બી.ટેક (બાયોટેકનોલોજી)માં પ્રવેશ મેળવી શકશે.

**૩.૭** જે ઉમેદવારે ધોરણ-૧૨ની પરીક્ષા કૃષિ વ્યવસાયલક્ષી પ્રવાહ સાથે અથવા ઉત્તર બુનિયાદી પ્રવાહ (કૃષિના વિષયો સહિત) સાથે પાસ કરી હોય તોઓને માત્ર બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી અને બી.ટેક (બાયોટેકનોલોજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વધારાના ૫% ગુણ મળવાપાત્ર છે.

**૩.૮** ખેડૂતના પુત્ર/પુત્રી/ભાઇ/બહેન/પૌત્ર/પૌત્રીને વધારાના ૫% ગુણ (ભારાંક - Weightage) માત્ર બી.એસસી.(ઓનર્સ) એગ્રીકલ્ચર/બી.એસસી.(ઓનર્સ) હોર્ટીકલ્ચર/બી.એસસી.(ઓનર્સ) ફોરેસ્ટ્રી અને બી.ટેક (બાયોટેકનોલોજી) અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે જ મળવાપાત્ર છે. જો કે આવા ઉમેદવાર પ્રવેશ માટેની ન્યુનતમ શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઈએ. આ માટે ઉમેદવારે તેના પિતા/માતા/દાદા (પિતૃ પક્ષ)/દાદી (પિતૃ પક્ષ) કે ભાઇ/બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક જમીન ધરાવે છે તે અંગેનો ૭-૧૨/૮-અ નો ચાલુ નાણાકીય વર્ષનો (તા. ૧-૦૪-૨૦૧૯ પછીનો) ઉતારો તેમજ જમીન ધારક અને ઉમેદવાર વચ્ચેનો સંબંધ દર્શાવતું તલાટી/મામલતદાર નું પેઢીનામું રજૂ કરવાનું રહેશે.

**૩.૯** ગુજરાત રાજ્યના માછીમાર જાતિના ઉમેદવાર પોતે/માછીમારના પુત્ર/પુત્રી/ભાઇ/બહેન/પૌત્ર/પૌત્રીને વધારાના ૧૫% ગુણ માત્ર બી.એફ.એસસી. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે જ મળવાપાત્ર છે. જો કે આવા ઉમેદવાર પ્રવેશ માટેની ઓછામાં ઓછી લાયકાત ધરાવતો હોવો જોઈએ. જે માટે ઉમેદવારે તે પોતે/તેના માતા કે પિતા/દાદા કે દાદી (પિતૃપક્ષ)/ભાઈ કે બહેન માછીમારીનો ધંધો અથવા તેના ઉત્પાદનમાં સંકળાયેલા છે તે મતલબનું માન્ય સત્તાધીશનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૩.૧૦** **રમત-ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારને તમામ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નીચે મુજબ ભારાંક આપવામાં આવે છે :**

| ક્રમ | | સ્પર્ધા | ભારાંક |
|---|---|---|---|
| i. | | આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવો | 7% |
| ii. | | રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લેવો | 1% |
| | (a) | પ્રથમ ક્રમાંક મેળવેલ હોય | 5% |
| | (b) | દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય | 3% |
| | (c) | તૃતીય ક્રમાંક મેળવેલ હોય | 2% |
| iii. | | રાજ્ય સ્તરની સ્પર્ધામાં | |
| | (a) | પ્રથમ ક્રમાંક મેળવેલ હોય | 1% |
| | (b) | દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય | 0.5% |

નોંધ : ઉપરોક્ત ભારાંકના ઉચ્ચતર સ્તરનો લાભ ઉમેદવારને તેના યુનિવર્સિટીના અભ્યાસકાળ દરમ્યાન ફક્ત એક વખત મળવાપાત્ર થશે.

**૩.૧૧** જે ઉમેદવારે બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ની સપ્લીમેન્ટરી પરીક્ષા પાસ કરેલ હશે તે ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ માટે લાયક ગણાશે નહી.

| | | | |
|---|---|---|---|
| ૩. B | **બેચલર ઓફ વેટરીનરી સાયન્સ એન્ડ એનીમલ હસબન્ડરી અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની લાયકાત** | | |
| | ઉમેદવારે ધોરણ–૧૨ની પરીક્ષા વિજ્ઞાન પ્રવાહના ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ હોવી જોઈએ. ધોરણ–૧૨ના ફિજીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી અને અંગ્રેજી વિષયોની માત્ર થીયરીમાં (ગ્રેસીંગ માર્કસ સિવાય) કેટેગરી પ્રમાણે ઓછામાં ઓછા નીચે મુજબના ગુણ મેળવેલ હોવા જોઈએ. | | |
| | i. | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે | ૧૯૦ માર્કસ (47.50%*) |
| | ii. | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે | ૧૯૦ માર્કસ (47.50%*) |
| | iii. | સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના વિદ્યાર્થીઓ માટે | ૧૯૦ માર્કસ (47.50%*) |
| | iv. | અન્ય તમામ વિદ્યાર્થીઓ કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | ૨૦૦ માર્કસ (50%*) |
| નોંધ :– | *VCI ૨૦૧૬–૧૭ પ્રવેશ લાયકાતના ધારાધોરણો મુજબ | | |
| | ૧. | પ્રવેશ માટે ઉમેદવારે ચાલુ વર્ષની GUJCET પરીક્ષા આપેલ હોવી જોઈએ. | |
| | ૨. | પ્રવેશ મેરીટ બનાવવા ચાલુ વર્ષની GUJCET પરીક્ષામાં મેળવેલ કુલ ગુણ ગણતરીમાં લેવામાં આવશે. | |
| | ૩ | ઉમેદવારની ઉંમર તા. ૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં ઓછામાં ઓછા ૧૭ વર્ષ અને ૨૫ વર્ષથી વધુ ના હોવી જોઈએ. | |
| ૪. | **ઉંમર :** | | |
| | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો બી.એસસી. (ઓનર્સ) એગ્રીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર/બી.એસસી. (ઓનર્સ) ફોરેસ્ટ્રી, બી.એફ. એસ. સી. તથા બી.ટેક (બાયોટેકનોલોજી)માં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તા. ૩૧–૧૨–૨૦૧૯ સુધીમાં ઓછામાં ઓછા ૧૭ વર્ષ પૂર્ણ કરેલા હોવા જોઈએ. | | |
| ૫. | **અનામત બેઠકો અને પાત્રતા :** | | |
| ૫.૧ | યુનિવર્સિટી દ્વારા પ્રવેશ માટે નીચે મુજબની બેઠકો અનામત રાખવામાં આવેલ છે : | | |
| | ૧. | ભારતીય કૃષિ અનુસંધાન સંસ્થા/વેટરનરી કાઉન્સીલ ઓફ ઈન્ડીયાના ઉમેદવારો માટે | 15% |
| | ૨. | ગુજરાત રાજ્યના ઉમેદવારો માટે | 85% |

ગુજરાત રાજ્યના ઉમેદવારો માટેની બેઠકો નીચે દર્શાવેલ કેટેગરી મુજબ અનામત રહેશે:

| | | |
|---|---|---|
| અનુસૂચિત જાતિ (SC) | 7 % | આ કેટેગરીની અનામત બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે. |
| અનુસૂચિત જનજાતિ (ST) | 15 % | |
| સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (ઉન્નત વર્ગમાં સમાવિષ્ટ ન હોય તેવા) (SEBC) | 27 % | ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત |
| દિવ્યાંગ (PC) | 5 % | જે–તે કેટેગરીમાં સમાવિષ્ટ થશે |
| સેનામાં કાર્યરત અથવા સેનામાંથી નિવૃત્ત કર્મચારીના સંતાનો (Ex. Serviceman) | 1 % | – |
| આર્થિક રીતે નબળા વર્ગો (EWS) | 10 % | EWS સંદર્ભે ૧૦% અનામત બેઠકો ભરવા અંગે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,ગાંધીનગરના ઠરાવ તથા સૂચનાઓ મુજબ પ્રવેશ કાર્યવાહી કરવામાં આવશે. |

કોઈપણ સંજોગોમાં આ ટકાવારીથી વધારે સંખ્યામાં અથવા યુનિવર્સિટી દ્વારા નક્કી કરાયેલ (૩.૧ અને ૩B મુજબ) જરૂરી લાયકાત કરતા ઓછી લાયકાત ધરાવતા ઉમેદવારથી જે–તે કેટેગરીની બેઠકો ભરી શકાશે નહી.

| | | |
|---|---|---|
| ૫.૨ | **અનામત બેઠકો માટે સામાન્ય શરતો :** | |
| | વિવિધ કેટેગરીના ઉમેદવારો માટેની અનામત બેઠકો નીચેની શરતોને આધિન રહેશે. | |
| | ૧. | કોઈપણ ઉમેદવારને એક સમયે એક જ અનામત બેઠક કે લાયકાતમાં છૂટછાટ મળશે. |
| | ૨. | કોઈપણ સંજોગોમાં કોઈપણ કેટેગરીની અમુક કે બધી બેઠકો ઓછા ઉમેદવારો અથવા જરૂરી લાયકાત ન ધરાવતા ઉમેદવારોને કારણે ખાલી રહેશે તો તેને બિનઅનામત કેટેગરીમાં ગણવામાં આવશે અને તે બિનઅનામત કેટેગરીના ઉમેદવારોથી મેરીટના આધારે ભરવામાં આવશે. |
| ૫.૩ | **અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો (SC & ST) :** | |
| | અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નક્કી થયા મુજબનું રહેશે. જે હાલમાં નીચે મુજબ છે : | |
| | ૧. | ૨૨% બેઠકો આ બંને પછાતવર્ગના ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે. જે પૈકીની ૭% બેઠકો અનુસૂચિત જાતિ અને ૧૫% બેઠકો અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે. |
| | ૨. | જે ઉમેદવારો તેમના મેરીટ પ્રમાણે બિનઅનામત કેટેગરીમાં પ્રવેશપાત્ર હોય તેઓનો સમાવેશ અનામત બેઠકો પર કરવાનો રહેશે નહી. |

| | | | |
|---|---|---|---|
| | નોંધ : | | |
| | ● | | આ બંને અનામત બેઠકોના ગૃપ પૈકી કોઈ એક ગૃપમાં ઓછા અરજદારોને લીધે બેઠકો ખાલી રહે તો એકબીજીની નિર્ધારીત ૭% અને ૧૫% અનામત બેઠકોમાં પ્રવેશ આપી શકાશે. |
| | ● | | આ બંને પછાતવર્ગની કોઈપણ એક કેટેગરીમાં અનામત બેઠકો કરતા વધારે ઉમેદવારો હોય તો તેમને જે–તે કેટેગરીના મેરીટ લિસ્ટ મુજબ પ્રવેશ આપવાનો રહેશે. |
| | ● | | અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે કેટેગરી માટે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા માન્યતાપ્રાપ્ત અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તત્કાલિન અસરથી રદ થશે. |
| ૫.૪ | **સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવાર (SEBC):** | | |
| | ગુજરાત રાજ્યના સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારો માટે ૨૭% બેઠકો રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે : | | |
| | ૧. | | આ કેટેગરીની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારે પોતાની જાતિનો સમાવેશ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગમાં થાય છે તે મતલબનું ગુજરાત રાજ્યના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. |
| | ૨. | | સા.શૈ.પ.વ. ના ઉમેદવારે "ઉન્નતવર્ગમાં સમાવિષ્ટ થતાં નથી" તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની ૧લી એપ્રિલ અથવા ૧લી એપ્રિલ પછીનું અથવા માન્ય મુદતનું હોવું જોઈએ અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં. (ગુજરાત સરકારના સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા. ૨૬–૪–૨૦૧૬ની જોગવાઈ મુજબ) |
| | ૩. | | સા.શૈ.પ.વ.ના જે ઉમેદવાર મેરીટના ધોરણે બિનઅનામત કેટેગરીમાં પ્રવેશ મળ્યો હશે તેનો સમાવેશ અનામત બેઠક પર કરવાનો રહેશે નહીં. |
| | ૪. | | જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર અને નોન ક્રીમીલેયરનુ પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તત્કાલિન અસરથી રદ થશે. |
| ૫.૫ | **આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવાર** ( Economically Weaker Sections ) : | | |
| | ઉમેદવારને રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગેના ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૩-૧-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ મુજબ ૧૦% બેઠકો પર પ્રવેશ મળવાપાત્ર રહેશે. જે અંગે પરિશિષ્ટ-ગ મુજબનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. આ અંગેની વિસ્તૃત માહિતી htttp://sje.gujarat.gov.in / downloads/gr_23012019.pdf અને htttp://sje.gujarat.gov.in / downloads/gr_25012019.pdf ઉપરથી મેળવી શકાશે. વધુમાં ઉક્ત સંદર્ભે સરકારશ્રી તરફથી વખતો વખતની સૂચનાઓનો અમલ કરવામાં આવશે. | | |
| ૫.૬ | **દિવ્યાંગ ઉમેદવારો (PC):** | | |
| | ગુજરાત રાજ્યના દિવ્યાંગ ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે અને જે–તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે તેમજ નીચેની શરતોને આધિન રહેશે : | | |
| | ૧. | | શારીરિક દિવ્યાંગતા બાબતે ઉમેદવારની પ્રવેશ પાત્રતા ગેરલાયક ઠરાવવામાં આવશે, જો..... |
| | | (a) | કુલ શારીરિક દિવ્યાંગતા (છાતી/સ્પાઈન સહિત) ૫૦% કરતાં વધારે હોય, |
| | | (b) | પગની દિવ્યાંગતા ૫૦% કરતાં વધારે હોય |
| | | (c) | હાથની દિવ્યાંગતા હોય |
| | | (d) | દ્રષ્ટિની દિવ્યાંગતા અને સાંભળવાની વિકલાંગતા હોય |
| | | (e) | ક્રમશઃ વધતા જતા માયોપેથીઝ જેવા રોગોથી પીડીત ઉમેદવાર હોય |
| | | (f) | જે તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગિક કાર્યો/ફીલ્ડવર્ક કરવામાં બાધક દિવ્યાંગતા હોય |
| | ૨ | | દિવ્યાંગ ઉમેદવારની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (પરિશિષ્ટ 'અ' માં દર્શાવ્યા મુજબના નમૂના પ્રમાણેનું) રજૂ કરવાનું રહેશે જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો દિવ્યાંગ માટેની અનામત બેઠક પર પ્રવેશનો અંગે હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તત્કાલિન અસરથી રદ થશે. |
| | ૩ | | દિવ્યાંગ ઉમેદવારની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવાર ૩.૧ અને 3B મુજબ જરૂરી ઓછામાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતો હોવો જોઈએ. |
| ૫.૭ | **સેનાના કર્મચારીના સંતાનો માટે અનામત બેઠક (Ex-Serviceman) :** | | |
| | સેનાના કર્મચારીના સંતાનો માટે ૧% બેઠક અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે : | | |
| | ૧. | | મૂળ ગુજરાત રાજ્યના સેનાના કર્મચારીના સંતાનોનો સમાવેશ અનામત કેટેગરી અંતર્ગત થતો હોય અને તેમણે ધોરણ–૧૨ ની પરીક્ષા ગુજરાત રાજ્યમાં આવેલ શાળામાંથી પાસ કરેલ હોય તો તેઓનો સમાવેશ કેટેગરીમાં કરવાનો રહેશે. |
| | ૨. | | સેનાના કર્મચારીના સંતાનો માટેની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ ડાયરેક્ટર, સૈનિક વેલ્ફેર, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા બોર્ડ સૈનિક વેલ્ફેર ઓફિસર (સેના નિવૃત કર્મચારી) કે જે તે કમાન્ડીંગ ઓફિસરનું જરૂરી (ચાલુ કર્મચારી) પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. |
| | ૩. | | ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ધોરણ–૧૨ની પરીક્ષા પાસ કરેલ સેનાના કર્મચારી સંતાનોને તેઓની અનામત બેઠક પર પ્રવેશ આપ્યા બાદ જો કોઈ બેઠકો ખાલી રહે તો તેના પર અન્ય બોર્ડમાંથી ધોરણ–૧૨ પાસ કરનાર સેનાના કર્મચારીના સંતાનોને પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં જો આ અનામત બેઠકો ખાલી રહે તો તેના પર બિન–અનામત કેટેગરીના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. |
| | ૪. | | ઉમેદવાર સેનામાં કાર્યરત કર્મચારી /સેના નિવૃત કર્મચારીના સંતાનો માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે ૩.૧ અને 3B મુજબ જરૂરી ઓછામાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતો હોવો જોઈએ. |
| | ૫. | | સેનાના કર્મચારીના સંતાનો માટેની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે આવુ પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો આવી અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તત્કાલિન અસરથી રદ થશે. |

| | | |
|---|---|---|
| ૫.૮ | **પારસી જાતિ :** | |
| | ૧. | ગુજરાત રાજ્યના વતની એવા પારસી જાતિના ઉમેદવારો માટે ૧ (એક) વધારાની બેઠક રાખવામાં આવેલ છે. જે અન્ય કેટેગરીમાં તબદીલ થઈ શકશે નહીં. |
| | ૨. | પારસી જાતિની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકરીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તત્કાલિન અસરથી રદ થશે. |
| ૫.૯ | **કાશ્મીરી વિસ્થાપિતો :** | |
| | કાશ્મીરી વિસ્થાપિતો માટે ૨(બે) બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જે નીચેની શરતોને આધિન છે: | |
| | ૧. | પ્રવેશ વખતે વિદ્યાર્થીને નીચે મુજબની છૂટછાટ આપવામાં આવશે |
| | (i) | પ્રવેશની તારીખમાં ૩૦ દિવસની છૂટછાટ |
| | (ii) | ઓછામાં ઓછી પ્રવેશ લાયકાતમાં ૧૦% ની છૂટછાટ |
| | (iii) | વતની હોવાના પ્રમાણપત્રની જરૂરીયાત નથી |
| | (iv) | બીજા અને ત્યારબાદના વર્ષોમાં કોલેજ–સ્થળાંતરમાં છૂટછાટ |
| | (v) | પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જરૂરી નથી |
| | ૨. | આવા ઉમેદવારના નામાંકન માટેની અરજી કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા નિયત સમય મર્યાદા (૫.૯.૧. (i))માં મોકલાવાયેલ હોય તો જ પ્રવેશ માટે માન્ય ગણાશે. |
| | ૩. | ઉમેદવાર કાશ્મીરમાંથી જે રાજ્યમાં સ્થળાંતરીત થયેલ હોય તે રાજ્યના ડેપ્યુટી કમિશનરનું તે મતલબનું રજીસ્ટ્રેશન નંબર સાથેનું પ્રમાણપત્ર અને રેશન કાર્ડ રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો કાશ્મીરી વિસ્થાપિત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તત્કાલિન અસરથી રદ થશે. |
| | ૪. | આ નિયમો જમ્મુ કાશ્મીરની પરિસ્થિતિ સામાન્ય થાય ત્યાં સુધી જ લાગુ પડશે. |
| | ૫. | ઉમેદવારે રજૂ કરેલ કાશ્મીરી વિસ્થાપિત અંગેનું પ્રમાણપત્ર સંબંધિત સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરેલ હોવું જરૂરી છે. |
| ૫.૧૦ | **બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થીઓ (NRG) માટેની અનામત બેઠક :** | |
| | ૧. | ગુજરાત રાજ્યના વતની હોય તેવા ભારત બહાર રહેતા વિદ્યાર્થીઓ માટે રાજ્યની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં ફેકલટીવાર પ્રવેશ ક્ષમતા ઉપરાંત એક વધારાની બેઠક અનામત રાખવામાં આવેલ છે. જે અન્ય કેટેગરીમાં તબદીલ થઈ શકશે નહી. |
| | ૨. | સ્નાતકકક્ષાના અભ્યાસ ક્રમોમાં પ્રવેશ ઈચ્છુક બિન નિવાસી ગુજરાતી વિદ્યાર્થીઓએ તેમની અરજી જે-તે દેશના સંબંધિત વિદેશ મંત્રાલય/ દિલ્હી ખાતેના રાજદુતાવાસ અથવા વિદેશમાં આવેલ ભારતીય નિયોગ મારફત જ ભારત સરકાર/ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, દિલ્હીને મોકલવાની રહેશે. આવા ઉમેદવારની અરજી જો તેમની સંબંધિત રાષ્ટ્રીય સરકાર અને / અથવા ભારત સરકાર / ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા પ્રયોજીત (Sponsored) કરાયેલ હશે તો જ પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે. |
